પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT · ઉપનાહ સ્વેદન · લેપન · વેધાગ્નિકર્મ · પંચકર્મ · EKLપંચકર્મ · પટ્ટબંધન · અગ્નિકર્મ · ક્ષારકર્મ · વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત ‘પ્રતિક હાઉસ’, ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ સાતમ બુધવાર ૫ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૨ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

**કેન્દ્ર સરકારને પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરાયો**

# થર્ડ પાર્ટી વીમો નહીં તો ઈંધણ નહીંની વ્યવસ્થા વિકસાવો

**દેશના** માર્ગો પર 56 ટકા વાહનો વીમા વગર દોડતા હોવાનું જાણીને સુપ્રીમ કોર્ટ સ્તબ્ધ

**જ્યાં** સુધી માન્ય વીમો નહીં હોય ત્યાં સુધી વાહનને પેટ્રોલ પંપો પરથી ઈંધણ નહીં મળે તેવી વ્યવસ્થા વિકસાવવા જણાવ્યું

નવી દિલ્હી, તા. ૪(PTI): એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે થર્ડ-પાર્ટી ઈન્સ્યોરન્સ કવર વગર ચાલતા મોટી સંખ્યામાં વાહનોની બાબતને ગંભીરતાથી લીધી હતી અને કેન્દ્ર સરકારને એક પાઈલટ પ્રોજેક્ટ વિકસાવવા નિર્દેશ આપ્યો હતો, જેના દ્વારા માન્ય વીમો મેળવવામાં ન આવે ત્યાં સુધી પેટ્રોલ પંપ પર વાહનો માટે ઈંધણ (પેટ્રોલ-ડીઝલ) આપવાની ના પાડી શકાય.

સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર થતા માર્ગ અકસ્માતોની સંખ્યા અને ટોલ પ્લાઝા પર લાંબી લાઈનોની અસરની નોંધ લીધી હતી અને કેન્દ્રને અમુક કોરિડોર પર પાઈલટ પ્રોજેક્ટ્સ લાગુ કરવા નિર્દેશ આપ્યો હતો, જેમાં ટોલ પોઈન્ટ પરથી પસાર થતા વાહનોની ઓટોમેટિક ઓળખ કરીને ટોલ પ્લાઝા પર રોકાવાની પ્રક્રિયાને બદલવામાં આવે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે મોટર વાહન અધિનિયમ (MVA)ની જોગવાઈઓના પાલનનો અભાવ દર્શાવ્યો હતો, જે હેઠળ તમામ વાહનો માટે ત્રીજા પક્ષોને આવરી લેતી માન્ય વીમા પોલિસી હોવી ફરજિયાત છે. બેન્ચે કહ્યું કે ‘નાણાં અંગેની સ્ટેન્ડિંગ કમિટીના ૨૦૨૪-૨૫ના અહેવાલ’ મુજબ ભારતીય રસ્તાઓ પર દોડતા લગભગ ૫૬ ટકા વાહનો વીમા વગરના રહે છે તે જાણીને આંચકો લાગે છે.

બેન્ચે જણાવ્યું હતું કે, “કોર્ટમાં થયેલી ચર્ચા મુજબ, IRDA (ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી) એ MoRTH (માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય)ની સાથે ચર્ચા કરીને એક પાઈલટ પ્રોજેક્ટ તૈયાર કરવો અને વિકસાવવો જેથી વાહનો માટેના ઈંધણને માન્ય વીમા સ્થિતિ સાથે જોડી શકાય. તેના અભાવે, જ્યાં સુધી માન્ય વીમો મેળવવામાં ન આવે ત્યાં સુધી સંબંધિત વાહનને પેટ્રોલ પંપ પર ઈંધણ આપવાની ના પાડવામાં આવશે.”

તેણે કહ્યું કે ઈંધણ આપવાનો ઈનકાર કરવાના આ પગલાથી બમણો ફાયદો થશે; એક તો તે વીમા વગરના અથવા અનરજિસ્ટર્ડ વાહનોની ઓળખ કરવામાં મદદ કરશે અને બીજું, તે આ વાહનોના માલિકોને તેમની પાસે માન્ય વીમો છે તે સુનિશ્ચિત કરવા પ્રેરિત કરશે.

## આજે દિલ્હીમાં શેખ હસીનાની પત્રકાર પરિષદ

**બાંગ્લાદેશે** આ કાર્યક્રમ સામે વિરોધ વ્યક્ત કર્યો, ભારતે કહ્યું કે આ કાર્યક્રમમાં અમારી કોઇ ભૂમિકા નથી



નવી દિલ્હી, ૪ ઓગસ્ટઃ સરકારના પતન તરફ દોરી ગયેલા ભારે વિરોધ પ્રદર્શનો બાદ ઢાકાથી ભાગી ગયાના બે વર્ષ પછી, હસીના બુધવારે સાંજે મીડિયા સાથે તેમનો પ્રથમ સંવાદ યોજવા જઈ રહ્યા છે. જ્યારે કે ભારતે મંગળવારે ભૂતપૂર્વ બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાના નવી દિલ્હીમાં આયોજિત વર્ચ્યુઅલ મીડિયા સંવાદથી પોતાને અલગ કરી લીધું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે આ કાર્યક્રમ દરમિયાન વ્યક્ત થઈ શકે તેવા કોઈપણ વિચારોનું સમર્થન કરતું નથી.

વડાપ્રધાન તારિક રહેમાનના વિદેશ બાબતોના સલાહકાર હુમાયુન કબીરે કહ્યું હતું કે ભારતીય ભૂમિ પરથી આવો જાહેર સંવાદ તાજેતરના મહિનાઓમાં દ્વિપક્ષીય સંબંધોમાં જોવા મળેલી સકારાત્મક ગતિને નુકસાન પહોંચાડી શકે છે, જેને પગલે ઢાકાએ સોમવારે હસીનાની આ યોજના અંગે ભારતીય પક્ષ પાસે સ્પષ્ટતા માગી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, “તમે જે સંવાદનો ઉલ્લેખ કરી રહ્યા છો તેનું આયોજન એક ખાનગી મીડિયા સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. સરકારને તેમાં કોઈ લેવાદેવા નથી, અને તે મંચ પર વ્યક્ત થઈ શકે તેવા કોઈપણ વિચારોનું સમર્થન પણ કરતી નથી. તેઓ તેમની દ્વિ-સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન હસીનાની આ યોજના અંગેના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે દક્ષિણ એશિયાના પત્રકારોની એક સંસ્થા દ્વારા આ પત્રકાર પરિષદનું આયોજન કરાયું છે અને તેમાં હસીના પુત્ર સાજીદ વાજેદ જોય પણ હાજર રહેશે.



થાઇલેન્ડના ફુકેટથી દિલ્હી આવતી ફ્લાઇટ ટર્બ્યુલન્સનો ભોગ બની

## એર-ઇન્ડિયાની ફ્લાઇટ અચાનક 300 ફૂટ નીચે ધસી આવી : 17ને ઇજા

**આઠ** મુસાફરો અને ચાર કર્મચારીઓને હોસ્પિટલમાં ખસેડાયા, કોઇની ઇજા ગંભીર નથી

નવી દિલ્હી, તા. 4(પીટીઆઇ) રાષ્ટ્રીય રાજધાની આવી રહેલી એર ઇન્ડિયાની ફૂકેટથી દિલ્હીની ફ્લાઇટ મંગળવારે સવારે અધવચ્ચે હવામાં ભયાનક આંચકાનો ભોગ બની હતી અને વિમાને અચાનક 300 ફૂટ ઊંચાઈ ગુમાવી દીધી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ક્રૂ મેમ્બર સહિત ઓછામાં ઓછા ૧૭ જણાને ઇજા પહોંચી છે.

ફૂકેટથી ફ્લાઇટ AI2379 તરીકે ઓપરેટ થઈ રહેલું આ નેરો-બોડી A320 વિમાન સવારે લગભગ 11.30 વાગ્યે દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર વિમાનમાં 134 મુસાફરો અને ક્રૂના 8 સભ્યો સવાર હતા. ડાયરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) આ ઘટનાની તપાસ કરી રહ્યું છે. ઇજાગ્રસ્તોમાંથી આઠ મુસાફરો અને ચાર કર્મચારીઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે એમ બાદમાં જારી કરાયેલા એક

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### પાંચ ઓગસ્ટઃ મોટા નિર્ણયની રાજકીય અટકળો

૫ ઓગસ્ટ અને સંસદના આગામી ચોમાસુ સત્રએ ફરી એકવાર અટકળો તેજ કરી દીધી છે કે દેશ માટે કઈ ખાસ કે મોટી જાહેરાત થવાની શક્યતા છે. ભૂતકાળ પર નજર કરીએ તો ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય અને ૨૦૨૦માં અયોધ્યામાં રામ મંદિરનો શિલાન્યાસ સમારોહ પણ આ જ તારીખે થયો હતો.તેથી દિલ્હીના રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે મોદી સરકાર ૫ ઓગસ્ટે સંસદમાં કોઈ મોટું બિલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. તેની વિગતો ગુપ્ત રહી હોવા છતાં અટકળો વ્યાપક સુશાસન સુધારા, મુખ્ય સામાજિક-આર્થિક સુધારાથી લઈને મહત્ત્વપૂર્ણ કાનૂની ફેરફારો સુધીની છે.

### રાજકીય કડવાશ વચ્ચે સાંસ્કૃતિક સોહાર્દ

હાલની રાજકીય કડવાશના વાતાવરણમાં વિરોધી રાજકીય પક્ષોના સભ્યો એકસાથે આવે અને હળવી પળો માણે એવું ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ સંસદના ખોરવાયેલા ચોમાસુ સત્ર વચ્ચે એવું બન્યું કે, પાર્ટી લાઇનોથી ઉપર ઊઠીને સાંસદો શાસક ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)

...અનુસંધાન પાના 11 પર

## સાયબર ફ્રોડ એકાઉન્ટ્સ માટે SOP બનાવવા સુપ્રીમ કોર્ટનો RBIને આદેશ

**તમામ** રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કાયદા અમલીકરણ એજન્સીઓને ફરિયાદ નિવારણ સહિતના મોડ્યુલ્સના ઝડપી અને વ્યાપક અમલીકરણનો આદેશ

**સાયબર** ગુનાઓ સામે લડવાની પ્રણાલીઓમાં ઝડપી અમલીકરણ અને સતત ફોલો ઓપની જરૂરિયાત હોવાનું સર્વોચ્ચ અદાલતે નોંધ્યું

નવી દિલ્હી, તા. ૪(પીટીઆઈ): સાયબર ગુનાઓ સામે લડવાની પ્રણાલીઓમાં વધુ વ્યાપક સ્વીકૃતિ, ઝડપી અમલીકરણ અને સતત ફોલો-અપની જરૂરિયાત હોવાનું નોંધતા, સુપ્રીમ કોર્ટે મંગળવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI) ને ચાર અઠવાડિયામાં સાયબર છેતરપિંડી, જેમાં મ્યુલ એકાઉન્ટ્સનો પણ સમાવેશ થાય છે, તેની સાથે સંકળાયેલા બેંક ખાતાઓ સામે કાર્યવાહી કરવા માટે એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર(SOP) તૈયાર કરીને સર્ક્યુલેટ કરવાનો આદેશ આપ્યો છે.

સાયબર-સંચાલિત નાણાકીય છેતરપિંડીઓ સામેના પગલાંને મજબૂત કરવાના હેતુથી દેશવ્યાપી નિર્દેશોની શ્રેણી જારી કરતા, મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી મોહનાની પીઠે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કાયદા અમલીકરણ એજન્સીઓને આવી છેતરપિંડીના પીડિતો માટે વિકસાવવામાં આવેલા ફરિયાદ નિવારણ અને મની રિસ્ટોરેશન(નાણાં પુનઃપ્રાપ્તિ) મોડ્યુલ્સનો ઝડપી સ્વીકાર અને સંચાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. બેન્ચ આ મામલે બનાવટી દસ્તાવેજોથી સંબંધિત ડિજિટલ અરેસ્ટના પીડિતો નામના સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી હતી. એકત્રિત સ્ટેટસ રિપોર્ટ્સની સમીક્ષા કર્યા પછી અને સરકાર વતી અટોર્ની જનરલ આર વેંકટરામનની દલીલો સાંભળ્યા પછી, પીઠે જણાવ્યું હતું કે, આ તબક્કે જે પ્રગતિનો અહેવાલ આપવામાં આવ્યો છે તે પ્રશંસનીય છે, પરંતુ જે પ્રણાલીઓ પહેલાથી જ લાગુ કરવામાં આવી છે તેમાં વધુ વ્યાપક સ્વીકૃતિ, ઝડપી અમલીકરણ અને સતત ફોલો-અપની જરૂર છે. બેન્ચે વચગાળાના નિર્દેશો જારી કરતા કહ્યું, “રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ચાર અઠવાડિયાની અંદર મ્યુલ એકાઉન્ટ્સ/મની લોન્ડરિંગ પ્રવૃત્તિ અને સાયબર છેતરપિંડી સાથે સંકળાયેલા ખાતાઓ સાથે વ્યવહાર કરવા માટે એક SOP તૈયાર કરશે અને તેને સર્ક્યુલેટ કરશે. આ આખરી SOP ની એક નકલ તમામ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને મોકલવામાં આવશે. કોર્ટે રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કાયદા અમલીકરણ એજન્સીઓને ગૃહ મંત્રાલયની નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ(NCRP) સંબંધિત SOP હેઠળના બે મોડ્યુલ્સ – ગ્રીવન્સ રેડ્રેસલ મોડ્યુલ અને મની રિસ્ટોરેશન મોડ્યુલની ઝડપી સ્વીકૃતિ અને અમલીકરણ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

## મેટાની ગ્લોબલ ટીમ આજથી બે દિવસ ભારતમાં : વિવિધ મુદ્દાઓ ઉઠાવાશે

**સરકાર** સાથે બેઠક યોજાશેઃ મોદીનો વીડિયો ખસેડી લેવાનો મુદ્દો ખાસ ઉપાડાય તેવી શક્યતા

**ઇન્સ્ટાગ્રામ** પરની પેઇડ જાહેરાતોમાં બાળ જાતીય શોષણ સામગ્રી જેવા અનેક મુદ્દે જવાબ માગવામાં આવી શકે

નવી દિલ્હી, તા. ૪(પીટીઆઈ): આગામી સમયમાં મેટાની ગ્લોબલ ટીમ સાથે યોજાનારી બેઠક દરમિયાન સરકાર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરીયલ(CSAM)ને રોકવામાં આવેલી નિષ્ફળતા અને પીઢ વ્યક્તિઓના અકાઉન્ટ્સ સામે લેવાયેલા ખોટા પગલાં સહિતના અનેક મુદ્દાઓ ઉઠાવશે, તેમ આઈટી સચિવ એસ. ક્રિષ્નને મંગળવારે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રેસર કંપનીએ પોતાની સિસ્ટમ યોગ્ય રીતે કામ કરે તે સુનિશ્ચિત કરવું જોઈતું હતું. મેટાની ગ્લોબલ ટીમ ૫ અને ૬ ઓગસ્ટે ભારતના પ્રવાસે હશે, તેમ ક્રિષ્નને જણાવ્યું હતું.

ભારતના યુવાનોને સંબોધતા અને પેપર લીક સામે સખત કાર્યવાહી કરવાનું વચન આપતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની ફેસબુક પોસ્ટને પ્લેટફોર્મ પર ક્ષણિક સમય માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા બાદ સરકારે મેટાના ટોચના વૈશ્વિક એક્ઝિક્યુટિવ્સને સમન્સ પાઠવ્યા હોવાથી આ આગામી બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ બાબતે મેટાએ અગાઉ કરેલા ખુલાસાને અપૂરતો માનવામાં આવે છે. ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોમાં ચાઈલ્ડ સેક્સ્યુઅલ એક્સપ્લોઈટેટિવ એન્ડ એબ્યુઝ મટિરીયલ (CSEAM) ને લઈને પણ મેટા નિયામક સમીક્ષા હેઠળ આવ્યું છે અને સરકારે અગાઉ પણ આ મુદ્દે મેટાને નોટિસ ફટકારી હતી.

આઈઆઈટી મદ્રાસ અને જોશ ટોક્સ એઆઈ ખાતે ‘એઆઈફોરભારત’(AI4Bharat) દ્વારા સ્વતંત્ર મલ્ટીમોડલ એઆઈ ઈવેલ્યુએશન પ્લેટફોર્મના લોન્ચિંગ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા ક્રિષ્નને જણાવ્યું હતું કે, “અહીં ઘણા મુદ્દાઓ છે... CSAM નો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, તેથી તે અંગે શું પગલાં લેવામાં આવ્યા છે, અને કૃત્રિમ રીતે જનરેટ કરાયેલી માહિતી ... તેને કયા સ્તરે ધ્યાન પર લેવામાં આવી રહી છે. ત્યારબાદ, ચોક્કસપણે પ્રખ્યાત વ્યક્તિઓ માટે, જ્યારે તેમની પાસે વેરિફાઇડ અકાઉન્ટ્સ હોય, જો સામગ્રી હટાવવી હોય, તો તેમાં સુરક્ષાત્મક નિયમો હોવા જોઈએ... આ તમામ મુદ્દાઓ રહેશે.” ક્રિષ્નને વધુમાં ઉમેર્યું

...અનુસંધાન પાના 11 પર

## હવે અમેરિકામાં H-1B વિઝા લંબાવવા માટે પણ ફી ચુકવવી પડશે

**H-1B** રિન્યુઅલમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા ભારતીય પ્રોફેશનલ્સને આની સીધી અસર પડી શકે

વૉશિંગ્ટન, તા. ૪: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર વર્તમાન વિઝાના એક્સટેન્શન માટે વધારાની વિઝા ફી લાગુ કરીને H-1B નિયમોને વધુ કડક બનાવી રહ્યું છે. અત્યાર સુધી આ ફી માત્ર નવા H-1B અને L-1 વિઝા માટે જ ચૂકવવી પડતી હતી. આ નિર્ણયથી અમેરિકામાં H-1B જેવા વિઝા પર કામ કરી રહેલા વિદેશી કર્મચારીઓને જાળવી રાખવા માંગતી કંપનીઓ માટે ખર્ચમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે, અને 2025માં તમામ H-1B રિન્યુઅલમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા ભારતીય પ્રોફેશનલ્સને આની સીધી અસર પડી શકે છે.

આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે ગયા મહિને એક અમેરિકી ફેડરલ અપીલ કોર્ટે નીચલી અદાલતના તે આદેશ પર રોક લગાવવાનો ઈનકાર કરી દીધો હતો, જેમાં ઉચ્ચ કુશળ વિદેશી કર્મચારીઓ માટે નવા H-1B વિઝા પર ટ્રમ્પ વહીવટીતંત્રના 100,000 ડોલર ફી લાદવાના નિર્ણયને રદ કરવામાં આવ્યો હતો.

આ વિગતવાર પ્રસ્તાવ (જેને અધિકૃત રીતે ‘નોટિસ ઓફ પ્રપોઝ્ડ રુલ-મેકિંગ’ તરીકે ઓળખવામાં આવે છે) સૌપ્રથમ જૂન 2024 માં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી અને કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન એજન્સી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેને યુએસ ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. “H-1B અને L-1 વિઝા માટેની ‘9-11 રિસ્પોન્સ અને બાયોમેટ્રિક એન્ટ્રી-એક્ઝિટ ફી’ એ H-1B અને L નોન-ઈમિગ્રન્ટ વર્કર્સના ચોક્કસ એમ્પ્લોયરો દ્વારા

...અનુસંધાન પાના 11 પર

## ડોનાલ્ડ ટ્રમ્પના વેઠપ્રથા વિરોધી ટેરિફ સામે અમેરિકાના ૨૫ ડેમોક્રેટિક રાજ્યો કોર્ટમાં ગયા

**આ** રાજ્યોએ ટ્રમ્પના આ ટેરિફને ગેરકાયદે જાહેર કરવા માટે કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડને વિનંતી કરી

**આ** ટેરિફને કારણે દેશભરમાં ગ્રાહકો અને વ્યવસાયો માટે ખર્ચ વધશે તેવી દલીલ

વોશિંગ્ટન, ૪ ઓગસ્ટ (પીટીઆઈ) ૨૫ ડેમોક્રેટિક-શાસિત રાજ્યોના સમૂહે અમેરિકાની આયાતમાં ૯૯.૪ ટકા હિસ્સો ધરાવતી ૬૦ અર્થવ્યવસ્થાઓ પર ટેરિફ લાદવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય વિરુદ્ધ અમેરિકી કોર્ટમાં અરજી કરી છે.

ગયા મહિને, ૨૪ જુલાઈએ પૂરા થયેલા ૧૦ ટકાના વૈશ્વિક લેવીના સ્થાને, બંધુઆ મજૂરીના મુદ્દે નિષ્ફળતાનું કારણ આપીને અમેરિકાએ આ ૬૦ દેશો પર ૧૦ ટકાથી ૧૨.૫ ટકા વચ્ચેના ટેરિફનો નવો તબક્કો લાદ્યો હતો. ૨૫ રાજ્યોએ સોમવારે વિવિધ દેશો પર ફરીથી ટેરિફ અમલમાં મૂકવા બદલ ટ્રમ્પ પ્રશાસન વિરુદ્ધ ‘યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ’માં અરજી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ નિર્ણયથી દેશભરમાં ગ્રાહકો અને વ્યવસાયો માટે ખર્ચ વધશે.

ન્યૂયોર્કના એટર્ની જનરલ લેટિશિયા જેમ્સ, ગવર્નર કેથી હોચુલ અને ડેમોક્રેટિક રાજ્યોનું ગઠબંધન કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડને આ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવા વિનંતી કરી રહ્યું છે. જેમ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં કેસ હારી ગયા પછી, પ્રશાસન ટેરિફના નવા તબક્કા સાથે પરિવારો અને વ્યવસાયો પર ગેરકાયદેસર રીતે કર વધારવાનો ફરી એકવાર પ્રયાસ કરી રહ્યું છે. ભારત સહિત ૧૭ દેશો ૧૦ ટકા ટેરિફ દરનો સામનો કરી રહ્યા છે. અગાઉ, અમેરિકાએ ભારત માટે ૧૨.૫ ટકા ટેરિફ દરનો પ્રસ્તાવ મૂક્યો હતો. ભારતે ૧૪ જૂને તેની વિદેશ વ્યાપાર નીતિમાં સુધારો કરીને વેઠીયા મજૂરીથી બનાવેલા માલની આયાત પર પ્રતિબંધ મૂક્યા બાદ આ રાહત મળી હતી. નિવેદનમાં જણાવાયું છે કે, પ્રશાસન વૈશ્વિક વ્યાપારમાં બંધુઆ મજૂરી સામે લડવા માટે ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ નો ઉપયોગ કરવાનો દાવો કરે

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૪-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન



| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૩૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.0 સે. | ૨૫.૪ સે. | ૬૮% |